અપીલ અરજી નં.૧૯૭ તા.૩૦–૭–૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી બાબુભાઈ રતીલાલ રાણા
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(વરાછાઝોન)
ડે.કમિ.(ફા.) અને જાહેર માહિતી અધિકારી (વ્યવસાયવેરો)
ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી બાબુભાઈ રતીલાલ રાણાની તા.૨–૭–૧૧ની અરજીથી ૨૦૦૯–૧૦ ના ૨૪૦૦/– લેખે રૂા.૪૮૦૦/– પરત મેળવવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૩૦–૭–૧૧ ની **SMC/FAP/** નં.૧૯૭/૨૦૧૧–૧૨

શ્રી બાબુભાઈ રતીલાલ રાણાની તા.૨–૭–૧૧ની અરજીથી ૨૦૦૯–૧૦ ના ૨૪૦૦/– લેખે રૂા.૪૮૦૦/– પરત મેળવવા બાબતે કમિ.(ફા)અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં. પી.ટી.આર.સી./૧૮૫ તા.૮–૭–૧૧,એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(વરાછાઝોન)ના પત્ર નં. ઈઝેડ / આરટીઆઈ /૭૬ તા ૧૬–૫–૧૧અને ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)ના પત્ર નં. સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૪૬ તા.૮–૪–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૩૦–૭ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૧૦ તા.૬–૮–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(વરાછાઝોન), ડે.કમિ.(ફા.) અને જાહેર માહિતી અધિકારી (વ્યવસાયવેરો), ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં તેમણે મુળ અરજીથી માંગેલ માહિતી, ફી ભર્યાની વિગત તથા કઈ બાબતે નારાજગી છે ? કયા જા.મા.અ. સામે તે વિગતો રજુ કરેલ ન હોઈ તે સ્પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. પીટીઆરસી/આ.નં.૨૫૩ તા.૧૧–૮–૧૧ થી પૂરક વિગતોમાં કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/પ૨૯ તા. ૬–૭–૧૧ થી વ્યવસાયવેરા વિભાગને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.પીટીઆરસી/૧૮૫ તા. ૮–૭–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૭૯૪ તા.૧૧–૮–૧૧ થી પૂરક વિગતોમાં સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.પ૨૯ તા.૬–૭–૧૧ થી વ્યવસાયવેરા વિભાગન તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારને તેમની તા.૧૫–૩–૧૧ ની અરજી બાબતે આપેલ માહિતી અંગે પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૪૬ તા.૮–૪–૧૧ ના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ , અરજદારની તા.૨૩–૫–૧૧ ની અરજીની નકલ અત્રે મળ ેલ છે. જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૭૬ તા.૧૭–૮–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, વરાછાઝોન તરફથી પત્ર નં.આરટીઆઈ સેલ/૨૯૨ તા.૧૪–૭–૧૧ થી વ્યવસાયવેરા વિભાગને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારને વ્યવસાયવેરા વિભાગ તરફથીઆપેલી માહિતી અંગે પત્ર નં.પીટીઆરસી૧૮૫ તા.૮–૭–૧૧ ના પત્રની નકલ, અરજદારને તેમની તા.૨૭–૪–૧૧ ની અરજી બાબતે આપેલ માહિતી અંગે પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૭૬ તા.૧૬–૫–૧૧ ના પત્રની નકલ, અરજદારની તા.૨૦–૪–૧૧ ની અરજીની નકલ, અરજદારની તા.૨૦–૪–૧૧ ની અરજી સેન્ટ્રલઝોન તરફથી કાર્યપાલક ઈજનેર લીંબાયતઝોનને પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૦૪ તા.૨૧–૪–૧૧ થી તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, સેન્ટ્રલઝોનની રસીદ નં.૧૬૮૬૪૪ સને ૨૦૦૯–૧૦ નો નોંધણી નં PEC03CZ 25966 શ્રી દીપેશ ઈશ્વરલાલ દાળીયા ની ભાગ્યોદય ઈન્ડ. ના વ્યવસાયવેરાની ભર્યાની રસીદની નકલ, સેન્ટ્રલઝોન રસીદ નં. ૧૬૮૬૪૫ સને ૨૦૦૯–૧૦ નોંધણી નં. PEC03CZ 25965 દત્તેશ્વરી જરી ટ્રેનીંગ ભાગ્યોદય ઈન્ડ. ના વ્યવસાયવેરા ભર્યાની રસીદની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૨–૭–૧૧ ની અરજીથી સને ૨૦૦૯–૧૦ ના ચોવીસો લેખે કુલ રૂા.૪૮૦૦ મેળવવા બાબતે તેમની તેઓની તા. ૨૩–૫–૧૧ ની સેન્ટ્રલઝોન ખાતે કરેલી અરજીની નકલ રજૂ કરેલ છે. જેમાં અરજદારે વ્યવસાયવેરાના રૂા.૨૪૦૦ વધુ લેવામાં આવેલ. જે અંગે તેમને સેન્ટ્રલઝોનમાં તા.૨૨–૯–૦૯ ના રોજ સ્ક્રોલ નં.૩૦૦/૩૬,૪૩૭,૬૦ અને ૬૫ થી ભર્યા હોવાની રજૂઆત કરેલ. તેમજ દત્તેશ્વર જરી ટ્રેડીંગ કું સુરતમાં બે ઠેકાણે વ્યવસાય કરે છે તે અંગે પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/ ૪૬ તા.૮–૪–૧૧, પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૭૬ તા.૧૬–૫–૧૧ તેમજ તા.૨૬–૪–૧૧ નો પ્રોગ્રેસીવ રીપોર્ટથી પૈસા જમા છે. ઉપર મુજબની હકીકત ધ્યાને લેતાં ૨૦૦૯–૧૦ માં બે વાર ૨૪૦૦ વધારાના ચૂકવવામાં આવેલ છે જેની રીફંડ માંગતી અરજી કરવામાં આવેલ. જે અંગેની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/પ૨૯ તા.૬–૭–૧૧ થી વ્યવસાયવેરા વિભાગને તબદીલ કરવામાં આવેલ. તેમજ વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ સેલ/૨૯૨

તા.૧૪–૭–૧૧ થી વ્યવસાયવેરા વિભાગને તબદીલ કરવામાં આવેલ. જે અંગે અરજદારે સેન્ટ્રલઝોન તથા વરાછાઝોનમાં આપવામાં આવેલ રસીદને આધાર જણાવી રીફંડની માંગણી કરતી તા.૩૦–૭–૧૧ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી વ્યવસાયવેરા વિભાગ તરફથી વ્યવસાયવેરા હેઠળ સને ૨૦૦૯–૧૦ તથા ૨૦૧૦–૧૧ ના વર્ષમાં ભરાયેલ નાણાના રીફંડ અંગે જણાવેલ કે , પ્રો.દાલિયા પ્રજ્ઞેશકુમાર ઈશ્વરલાલની દક્ષેશ્વરી જરી ટ્રેડીંગ કું. નામની સંસ્થા અલગ અલગ બે સ્થળે ચાલે છે (૧) ૪/૪૪૫૧–બી, આમલીશેરી, બેગમપુરા, સુરત ખાતે નોંધણી નંબર PEC03CZ 07536 થી નોંધાયેલ છે. (૨) ૨૪–એ, પ્લોટ નં.૨૮૫, મેગેનાઈટ ફલોર,ભાગ્યોદય ઈન્ડ. એસ્ટેટ મગોબ ખાતે નોંધણી PEC03CZ 25965 થી નોંધાયેલ છે. તેમજ મે. દિપેશકુમાર ઈશ્વરલાલ દાલિયા નામની સંસ્થા અલગ અલગ બે સ્થળે ચાલે છે. (૧)૪/૪૪૫૧–બી, ખાંગડશેરી, બેગમપુરા, સુરત ખાતે નોંધણી નં. PEC03CZ 37278 થી નોંધાયેલ છે. (૨) ૨૪–એ , પ્લોટ નં.૨૮૫ પહેલો માળ, ભાગ્યોદય ઈન્ડ. એસ્ટેટ, મગોબ, સુરત ખાતે નોંધણી નં. PEC03CZ 25966 થી નોંધાયેલ છે. ગુજરાત રાજય વ્યવસાય વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા (સુધારા) અધિનિયમ–૨૦૦૮ થી રાજય સરકારશ્રીએ સદર કાયદામાં કરેલ સુધારા અન્વયે " પેઢી કંપની , કોર્પોરેશન અથવા અન્ય સંસ્થાપિત મંડળ, કોઈ પણ મંડળી, કલબ અથવા એસોસીએશનની દરેક શાખા વ્યકિત તરીકે ગણાશે. અને આ અધિનિયમ હેઠળ વેરો લેવાના હેતુ માટે અલગ કરદાતા ગણાશે." એટલે કે મહાનગપાલિકાની હદમાં ૧ (એક) કરતાં વધુ શાખા હશે તો આવી દરેક શાખા દીઠ અલાયદા નંબર મેળવી શાખા દીઠ વ્યવસાયવેરો ભરપાઈ કરવાનો રહે છે. સદર કાયદાની જોગવાઈ હેઠળ અલગ અલગ સંસ્થા ની નોંધણી થયેલ હોય, સંસ્થા દીઠ વેરો ભરવાનો થતો હોવાથી ભરપાઈ થયેલ વેરો નિયમોનુસારનો હોય, રીફંડ આપી શકાય તેમ નથી . પ્રોફેશનલ ટેક્ષ સબંધિત માહિતી મહાનગરપાલિકાની વેબસાઈટ WWW.suratmunicipal.gov.in પર જાહેર જનતા/કરદાતાઓની જાણકારી માટે મુકવામાં આવેલ છે. આમ અરજદારને તેમની સુરત શહેરમાં ચાર સંસ્થાઓ હોવાની અને દરેક શાખા દીઠ વ્યવસાયવેરો ભરવાની તથા કાયદાની જોગવાઈ અંગે અલગ અલગ નોંધણી થયેલ હોય સંસ્થા દીઠ વ્યવસાયવેરો ભરપાઈ કરેલ હોવાનું જણાવી રીફંડ આપી શકાય તેમ નથી તેવું જણાવેલ છે.

અરજદારની તા.૨૩–૫–૧૧ ની અરજીમાં સી.ઝેડ/૭૬ તા.૧૬–૫–૧૧ ના પત્રથી રસીદ નં.૫૦૦/૩૩,૩૪ તા.૧૮–૧૧–૦૯ થી વરાછાઝોનની બે સંસ્થાઓનો વ્યવસાય વેરો ભરપાઈ કરેલ છે તેવું જણાવેલ છે. જે અંગે તેમની નોંધણી નં. PEC03CZ 25965 PEC03CZ 25966 ની રસીદની નકલો પણ રજૂ કરેલ છે. જયારે સેન્ટ્રલઝોનના તા.૨૬–૪–૧૧ના પાર્ટીસ્ટેટસમાં પ્રોગ્રેસીવ રીપોર્ટમાં અરજદારની સેન્ટ્રલઝોન ખાતે નોંધણી નં. PEC03CZ 37278 - 07536 તા.૨૨–૯–૦૯ થી બે સંસ્થાઓના વ્યવસાયવેરો ભરપાઈ થયેલ છે. આમ સને ૨૦૦૯ માં કુલ ચાર સંસ્થાઓના વ્યવસાયવેરો ભરપાઈ થયેલ છે. જયારે અરજદારને સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૪૬ તા.૮–૪–૧૧ થી આપેલ માહિતીમાં વેરા પ્રમાણપત્ર સેન્ટ્રલઝોનમાં (૧) PEC03CZ 07536 (૨) PEC03CZ 37278 વરાછાઝોનમાં (૧) PEC03CZ 25966 (૨) PEC03CZ 25965 નું પ્રોફેશનલ ટેક્ષ પાર્ટી સ્ટેટસ રીપોર્ટ જોતાં આપેલ રસીદ મુજબ પૈસા સુરત મહાનગપાલિકાની તીજોરીમાં જમા હોવાનું જણાય છે. આમ અરજદારને સને ૨૦૧૦ કુલ–૪ સંસ્થાઓના વ્યવસાયવેરો ભરપાઈ થયેલ જણાવેલ છે. આમ સને ૨૦૦૯–૧૦ ના કુલ ૪ સંસ્થાઓના વ્યવસાયવેરાની માહિતીની તેમની તા.૨૩–૫–૧૧ ની અરજીના સંદર્ભે પૂરી પડાયેલ છે તેમજ અરજદારને તેમની કુલ–૪ સંસ્થાઓ હોવાનું અને અલગ અલગ નોંધણી થયાનું જણાવેલ છે તેમજ સંસ્થાદીઠ વ્યવસાયવેરો ભરપાઈ કરવાનું તેમજ રીફંડ આપી શકાય તેમ નથી તેવી વિગતો પણ જણાવેલ છે. આમ અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે.

**હુકમ.**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨–૭–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પુરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન), ડે.કમિ.(ફા.) અને જાહેર માહિતી અધિકારી (વ્યવસાયવેરાવિભાગ), ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી બાબુભાઈ રતીલાલ રાણા,